ચરોતર મિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ નડીયાદ ખેડા પેટલાદ ઉમરેઠ ખંભાત ડાકોર વીરપુર સંતરામપુર | શુક્રવાર ૬ નવેમ્બર, ૨૦૨૬ | ૧૧

મહાનગરપાલિકા જનરલ બોર્ડની બેઠકમાં ૭ મહત્વના એજન્ડા મંજૂર : નડિયાદમાં ઘન કચરા વ્યવસ્થાપન મોડેલ બાયલોઝ અને ટાઉન પ્લાનિંગમાં રાહત આપતા નિર્ણયો

નડિયાદની ચાર ટીપીમાં સિંગલ મકાનો માટે ૪૦ ટકા કપાત રદ

સુપ્રીમ કોર્ટના આદેશથી ઘન કચરા વ્યવસ્થાપન નિયમો ૨૦૨૬ અંતર્ગત મોડેલ બાયલોઝનો અમલ થશે

(પ્રતિનિધિ) નડિયાદ તા. ૫

નડિયાદ મહાનગરપાલિકાના સભા ખંડમાં ગુરુવારે બપોરે ૧૨ કલાકે મેયર મનીષ પટેલના અધ્યક્ષસ્થાને જનરલ બોર્ડની સાધારણ સભા યોજાઈ હતી. શહેરના સર્વાંગી વિકાસ અને પ્રજાલક્ષી સુવિધાઓને ધ્યાને રાખીને રજૂ કરાયેલા ૭ મહત્વના એજન્ડા પર મંજૂરીની મહોર મારવામાં આવી હતી. આ બેઠકમાં સુપ્રીમ કોર્ટના





આદેશાનુસાર ઘન કચરા વ્યવસ્થાપન કાયદાનું કડક અમલીકરણ કરવા સાથે ટાઉન પ્લાનિંગ ક્ષેત્રે સિંગલ મકાનોના રિડેવલપમેન્ટમાં કપાતના નિયમો હળવા કરી નાગરિકોને મોટી રાહત આપવામાં આવી છે.

નડિયાદ શહેરની નગર રચના યોજના (ટીપી સ્કીમ) નંબર ૫, ૭, ૮ અને ૧૧ માં સમાવિષ્ટ જમીનોના રિડેવલપમેન્ટ અંગે મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. મહાનગરપાલિકાના નિયમ મુજબની ૪૦ ટકા કપાતનો નિયમ હવે સિંગલ મકાન કે સિંગલ સોસાયટીમાં નવા બાંધકામ માટે લાગુ પડશે નહીં અને જૂના કપાતના નિયમ મુજબ જ બાંધકામ મંજૂરી આપવામાં આવશે.

આ ઉપરાંત અંતિમ નગર રચના યોજના ૪ માં પ્લેગ્રાઉન્ડના હેતુવાળી જમીન પર વર્ષ ૨૦૧૧થી કાર્યરત જેટકોના સબસ્ટેશનની જમીન સત્તાવાર રીતે ફાળવવા તથા સામાજિક માળખાગત સુવિધાના હેતુમાં ફેરફાર કરવા રાજ્ય સરકારને દરખાસ્ત મોકલવાનું નક્કી કરાયું છે. સાથે જ, શહેરમાં ટેલિકોમ કંપનીઓ દ્વારા નાખવામાં આવતી અંડરગ્રાઉન્ડ લાઈનો માટે 'ટેલિકોમ્યુનિકેશન એક્ટ ૨૦૨૩' અને 'રાઈટ ઓફ વે રૂલ્સ ૨૦૨૪' મુજબ નિયમાનુસાર ફી વસૂલવાનો નિર્ણય કરાયો છે. આ બેઠકના અંતે મેયરે આગામી તહેવારો અને નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી.

સ્થાયી સમિતિમાં ૬ નવા સભ્યોની નિમણૂક કરાઈ

નડિયાદ મનપાની સ્થાયી સમિતિના રાજીનામાથી ખાલી પડેલી ૬ જગ્યાઓ પર નવા સભ્યોની વરણી કરવામાં આવી છે. જેમાં રેખાબેન રમાકાંત મિશ્રા, હેમાંગકુમાર સંજીવભાઈ પટેલ, રીમાબેન સ્નેહલકુમાર પટેલ, જય ભુપેન્દ્રભાઈ વાઘેલા, હિરેનકુમાર જનકભાઈ પટેલ અને સેજલબેન મોહનભાઈ રબારીનો સમાવેશ થાય છે.

ઘન કચરા વ્યવસ્થાપન માટે મોડેલ બાયલોઝ

નડિયાદ શહેરમાં સ્વચ્છતા જાળવવા અને સર્વોચ્ચ અદાલતના આદેશોનું પાલન કરવાના ભાગરૂપે 'ઘન કચરા વ્યવસ્થાપન નિયમો ૨૦૨૬' અંતર્ગત તૈયાર કરવામાં આવેલા મોડેલ બાયલોઝનું અમલીકરણ કરવાનો મહત્વનો ઠરાવ સર્વાનુમતે પસાર કરાયો હતો. આ ઉપરાંત કારોબારી સમિતિના અગાઉના ઠરાવો અને સામાન્ય સભા તથા સ્થાયી સમિતિની સભાઓની કામગીરીના નિયમોને પણ બહાલી આપવામાં આવી હતી.

એજન્ડા વિલંબથી મળતા વિપક્ષી કોર્પોરેટરનો હોબાળો

નડિયાદ શહેરમાં રખડતા પશુઓ અને રસ્તાના મુદ્દા ઊછળ્યા બેઠકમાં વિપક્ષના કોર્પોરેટર હાર્દિક ભટ્ટે ૨૮ તારીખના બદલે ૩૦ તારીખે અધૂરો એજન્ડા મળ્યો હોવાની ગંભીર રજૂઆત કરી હતી. તેમણે શહેરમાં બિસ્માર રસ્તાઓ, રખડતા ઢોર અને કૂતરાઓના ત્રાસ અંગે તીખા પ્રહારો કરી પ્રજાકીય પ્રશ્નો ન ઉકેલાય ત્યાં સુધી વિરોધ ચાલુ રાખવાની ચીમકી આપી હતી. જેની સામે મેયરે તેમને રૂબરૂ મળીને રજૂઆત કરવા જણાવાયું હતું.

આણંદ શહેરમાં ₹ ૧૩ લાખની ક્રેટા કાર ચોરાઈ

વેપારીના ઘર બહાર પાર્ક કરેલી કાર તસ્કરો ઉઠાવી ગયા

(પ્રતિનિધિ) આણંદ તા.૫

આણંદ શહેરના ડૉ. કુરિયન એન્કલેવ રોડ પર આવેલા 'કેશવમ' મકાન બહારથી રાત્રિ દરમિયાન પાર્ક કરેલી આશરે રૂ. ૧૩ લાખની કિંમતની સફેદ રંગની હ્યુન્ડાઈ ક્રેટા કાર અજાણ્યા તસ્કરો ચોરી કરી ફરાર થઈ ગયા છે. આ અંગે વેપારીની ફરિયાદના આધારે આણંદ ટાઉન પોલીસે ગુનો નોંધ્યો હતો.

આણંદ શહેરના ડૉ. કુરિયન એન્કલેવ રોડ, હોટલ સુરભી પાછળ આવેલ 'કેશવમ' મકાનમાં રહેતા અને જૂની સિવિલ કોર્ટ સામે નિર્મલ ટ્રેડર્સ ચલાવી વેપાર કરતા ૬૦ વર્ષીય સંદીપકુમાર યશવંતભાઈ પટેલે આણંદ ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ગત ૨૭મી ઓક્ટોબરના રોજ સાંજે સાતેક વાગ્યે તેઓ પોતાની ઓફિસેથી કાર લઈને ઘરે આવ્યા હતા અને ઘર બહાર ઝાડ નીચે પોતાની કાર નં. જીજે23-સીએફ-7266 લોક કરીને પાર્ક કરી હતી.

બીજા દિવસે સવારે આશરે સાડા સાત વાગ્યે રોજીંદા કાર સાફ કરવા આવતા સફાઈકર્મી મુકેશભાઈ ચાવડાએ સંદીપભાઈને કાર પાર્કિંગની જગ્યાએ દેખાતી ન હોવાનું જણાવ્યું હતું. તેઓએ તાત્કાલિક બહાર આવીને જોતાં કાર ગાયબ હોવાનું માલૂમ પડ્યું હતું. આસપાસના વિસ્તારમાં ભારે શોધખોળ કરવા છતાં ગાડીનો કોઈ પત્તો ન મળતાં આખરે અજાણ્યા ચોર વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

નડિયાદ :શોરૂમના મેનેજરે ૧૧.૮૬ લાખની વધુ એક છેતરપિંડી આચરી

નવી કાર આપવાની લાલચમાં રોકડ અને બે જૂની કાર પડાવી મેનેજર ફરાર

(પ્રતિનિધિ) નડિયાદ તા.૫

નડિયાદ રોડ પર રહેતા અને વાસણનો વેપાર કરતા એક વેપારીને નવી ગાડી આપવાની લાલચ આપીને ટાટા કંપનીના પ્રોગ્રેસિવ શોરૂમના મેનેજર રાજન રમેશચંદ્ર જોષીએ રોકડ રકમ તથા બે જૂની કાર મળીને અંદાજે 11.86 લાખની છેતરપિંડી આચરી હોવાનો બનાવ સામે આવ્યો છે. છેતરપિંડી આચરીને ફરાર થઈ ગયેલા મેનેજર સામે ભોગ બનનાર વેપારીએ વડતાલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

નડિયાદની વલેટવા ચોકડી ખાતે ઉમાપતિ વાસણ ભંડાર ચલાવતા બદ્રીલાલ રામલાલ તેલીએ માર્ચ 2026માં 19.50 લાખની કિંમતની ટાટા સિયારા ગાડી બુક કરાવી હતી. શોરૂમના મેનેજર રાજન જોષીએ બુકિંગ તથા ડાઉન પેમેન્ટ પેટે સમયાંતરે તેમની દુકાને જઈ 11,000 બુકિંગના તેમજ 1.99 લાખ અને 4.81 લાખ રોકડા મેળવી લીધા હતા. મેનેજરે વેપારી પાસે રહેલી બે જૂની રેનોલ્ટ ટ્રીબર ગાડીઓ 4.50 લાખમાં વેચી આપી નવી કારના હિસાબમાં સરભર કરવાનો વાયદો કર્યો હતો.

આ ઉપરાંત બેંકમાંથી મંજૂર થયેલી 15.96 લાખની લોનમાં વેપારીના લેણાં નીકળતા 8.51 લાખ તથા અંગત જરૂરિયાત બતાવી ગુગલ પે મારફતે લીધેલા 75,000 પણ પરત આપ્યા ન હતા. જોકે, હિસાબની પતાવટ કરવા 15મી ઓગસ્ટ સુધીની મુદત માંગી આરોપીએ ટાટા કર્વ કાર આપવાની લાલચ આપી ફરી 11,000 બુકિંગ પેટે અને 2.60 લાખ રોકડા મેળવી લીધા હતા. બાદમાં આરોપી પોતાના બંને મોબાઈલ સ્વિચ ઓફ કરીને ફરાર થઈ ગયો હતો.

કંપનીની મૌન સેવન નીતિ અને પોલીસ સામે પ્રશ્નો

નડિયાદના શોરૂમ પર તપાસ કરતા મેનેજરે અન્ય ગ્રાહકો સાથે પણ આ જ પદ્ધતિથી છેતરપિંડી કરી હોવાનું બહાર આવ્યું છે. અગાઉ પણ અનેક ગ્રાહકો છેતરાયા હોવા છતાં કંપની પોતે ઓડિટ કરાવીને ફરિયાદ કેમ દાખલ કરતી નથી ? તે મોટો સવાલ બન્યો છે. ગ્રાહકોના લાખો રૂપિયા ફસાયા હોવા છતાં કંપની સત્તાવાર જવાબદારી લેવા તૈયાર નથી તથા પોલીસ દ્વારા પણ આરોપીને પકડવા યોગ્ય કાર્યવાહી ન થતા તંત્રની નિષ્ક્રિયતા સામે શંકાઓ ઉપજી રહી છે.

મારુતિ યાગ અને ભવ્ય અન્નકૂટ મહોત્સવ યોજાશે

મહેમદાવાદના શ્રીપંચમુખી હનુમાનજી મંદિરે ધાર્મિક કાર્યક્રમ યોજાશે

(પ્રતિનિધિ) મહેમદાવાદ તા.૫

મહેમદાવાદ શહેરના શ્રી પંચમુખી હનુમાનજી મંદિર ખાતે ૭મી નવેમ્બર, ૨૦૨૬ને શનિવારના રોજ કાળી ચૌદસના પાવન અવસરે શ્રી મારુતિ યાગનું ભવ્ય અને દિવ્ય આયોજન કરવામાં આવ્યું છે, જેનો પ્રારંભ સાંજે ૪:૦૦ કલાકે થશે.

આ ધાર્મિક પ્રસંગે મંદિર પરિવાર દ્વારા સૌ ભાવિક ભાઈ-બહેનો માટે શ્રી હનુમાનજી દાદાનું રક્ષા સૂત્ર તૈયાર કરવામાં આવ્યું છે, જે ઈચ્છુક ભક્તોને અર્પણ કરવામાં આવશે. મંદિર ખાતે ૮મી નવેમ્બર, ૨૦૨૬ના રોજ દીપાવલી ઉત્સવ ધામધૂમથી



ઉજવાશે. ત્યારબાદ ૯મી નવેમ્બર ૨૦૨૬ના રોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાક દરમિયાન શ્રી હનુમાનજી દાદાને અનેકવિધ વાનગીઓનો અન્નકૂટ અર્પણ કરવામાં આવશે. આ તમામ ઉત્સવો તથા યજ્ઞમાં ઉપસ્થિત રહી દર્શન-પૂજનનો લાભ લેવા તેમજ યથાશક્તિ દાન-પુણ્ય કરવા માટે મંદિરના મુખ્ય ટ્રસ્ટી જીતુભાઈ શાહ (રાજા) તથા મુખ્ય સંચાલક સીતારામજી મહારાજ દ્વારા તમામ ધર્મપ્રેમી જનતાને ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

વડતાલ મંદિર દ્વારા કર્મીઓને બોનસમાં સોલાર પેનલ અપાશે

મંદિરના કર્મચારીના ઘરે મફત સોલાર પેનલ ફીટ કરી આપશે

(પ્રતિનિધિ) આણંદ તા.૫

યાત્રાધામ વડતાલ સંસ્થા દ્વારા પર્યાવરણ સુરક્ષા અને રાષ્ટ્રીય કર્તવ્યને પ્રાધાન્ય આપીને એક અત્યંત પ્રેરણાદાયી અને નોંખી પહેલ કરી છે. આ વર્ષે દિવાળી બોનસ નિમિત્તે સંસ્થામાં કાર્યરત તમામ કર્મયોગી-કર્મચારીઓને રોકડ કે ચીજવસ્તુઓના બદલે સોલાર ઊર્જા પેનલ આપવાનો અને તેના દ્વારા દરેક કર્મચારીના ઘરને સૌર ઊર્જાથી પ્રકાશિત કરવાનો નિર્ણય લેવાયો છે.

ગ્રીન એનર્જી અને સૌર ઊર્જાના વપરાશને પ્રોત્સાહન



આપવા માટે કેન્દ્રમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને રાજ્યમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની સરકાર દ્વારા સબસીડી આપવામાં આવે છે, છતાં દરેક વ્યક્તિ તેનો લાભ લઈ શકતી નથી. આ પરિસ્થિતિ વચ્ચે સામૂહિક જાગૃતિને રાષ્ટ્રીય કર્તવ્ય ગણાવીને વડતાલધામ સંસ્થાએ આ પગલું ભર્યું છે.

વડતાલ મંદિરના ચેરમેન ડો. સંતવલ્લભદાસ સ્વામી જણાવ્યા અનુસાર, સોલાર પેનલ માટે ભરવાની થતી રકમ અને તમામ કામગીરી સંસ્થા પોતે પૂરી કરીને કર્મચારીઓને સોલાર સુવિધા ઉપલબ્ધ કરાવશે. આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટી તેજસભાઈ બિપિનભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ આ તમામ કાર્યવાહી પૂર્ણ કરાશે. આ પહેલથી કર્મચારીઓના પરિવાર પરથી કાયમી ધોરણે વીજ બિલનું આર્થિક ભારણ ઘટશે અને સામે પક્ષે પર્યાવરણના જતનમાં મોટું પ્રદાન મળશે.

વડતાલ સંસ્થાના આ નિર્ણયથી વર્તમાન ગાદીપતિ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજ, મુખ્ય કોઠારીશ્રી દેવપ્રકાશદાસજી સ્વામી તેમજ વડિલ સદ્ગુરૂ સંતોએ ભારે રાજીપો વ્યક્ત કર્યો છે. મંદિરના આ ક્રાંતિકારી નિર્ણયથી કર્મચારીઓમાં પણ આનંદ અને ખુશીનો માહોલ છવાયો છે.

આણંદના કરમસદ - જીટોડિયા કેનાલ પાસે ગોડાઉનમાં આગ લાગી



આણંદના જીટોડિયા કેનાલ રોડ પાસે આવેલ કનૈયા ફાર્મમાં પૂરા અને ગંઠા ભરેલા ગોડાઉનમાં આગ લાગવાની ઘટના બની હતી. આ ઘટનાની જાણ થતાં જ ફાયર ઓફિસર ધર્મેશ ગોરની સૂચનાથી આણંદ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસિસની ટીમ વોટર બાઉઝર સાથે તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. ફાયર ફાઈટરોની ટીમે પહોંચીને તુરંત પાણીનો મારો ચલાવીને ગોડાઉનની આગને સફળતાપૂર્વક બુઝાવી દીધી હતી. ફાયર બ્રિગેડની આ સફળ કામગીરી દરમિયાન સદ્નસીબે કોઈ પણ પ્રકારની જાનહાની થઈ ન હતી.

ખેડા જિલ્લા તેમજ કચ્છ કડવા પાટીદાર સમાજનું નામ રોશન કર્યું

કપડવંજની દીકરીએ કોમર્શિયલ પાયલટ બની ઈતિહાસ રચ્યો

કેનેડાની મોન્ટ્રીયલ એવીએશન કોલેજમાંથી મલ્ટીએન્જિન ડિગ્રી મેળવી આકાશમાં ભરી ઉડાન

(પ્રતિનિધિ) કપડવંજ તા.૫

કપડવંજના વતની અને હાલ નવી મુંબઈના ખારઘર ખાતે રહેતા નિલેશભાઈ શાંતિભાઈ પટેલની પુત્રી કુ. કેપ્ટન પ્રિન્સીએ કેનેડામાં કમર્શિયલ પાયલટ અને મલ્ટીએન્જિનની ડિગ્રી મેળવીને સમગ્ર ખેડા જિલ્લા તેમજ કચ્છ કડવા પાટીદાર સમાજનું નામ રોશન કર્યું છે. સમાજમાંથી ખૂબ જ જૂજ દીકરીઓ પાયલટ બની છે, ત્યારે પ્રિન્સીની આ સિદ્ધિ અત્યંત સરાહનીય બની રહી છે.



કપડવંજમાં પરિવારનું પ્રોત્સાહન અને આકાશી સ્વપ્નની સિદ્ધિ કુ. કેપ્ટન પ્રિન્સીએ કેનેડાની મોન્ટ્રીયલ એવીએશન કોલેજમાંથી ઓક્ટોબર-૨૦૨૫માં કમર્શિયલ પાયલટની ડિગ્રી અને ઓગસ્ટ-૨૦૨૬માં મલ્ટીએન્જિનની ડિગ્રી સફળતાપૂર્વક પ્રાપ્ત કરી છે. આ મોટી સિદ્ધિ પાછળ તેના માતા લીનાબેન, પિતા નિલેશભાઈ તથા દાદા શાંતિભાઈ અને દાદી ગીતાબેનનું સતત પ્રોત્સાહન અને માર્ગદર્શન રહ્યું છે. પ્રિન્સીની આ સફળતા બદલ ભગત પરિવાર, ગામ અને સમાજના અગ્રણીઓ દ્વારા તેના પર શુભેચ્છાઓનો વરસાદ થઈ રહ્યો છે.

આણંદમાં હથિયાર અને સભા-સરઘસ બંધી જાહેર

આણંદ | આણંદ જિલ્લામાં આગામી તહેવારો અને લોકમેળાઓ દરમિયાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ રાહુલ ગમારા દ્વારા ૧૫મી નવેમ્બર, ૨૬થી ૨૯મી નવેમ્બર, ૨૬ સુધી જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. આ જાહેરનામા મુજબ સક્ષમ અધિકારીની પરવાનગી વગર સભા બોલાવવા કે સરઘસ કાઢવા અને કોઈપણ સાધનો કે હથિયારો સાથે રાખીને ફરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

આણંદમાં છેતરપિંડી-વ્યાજખોરીનો ભોગ બનેલા અરજદારોને મિલકત પરત

'તેરા તુજકો અર્પણ' હેઠળ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે કરોડોનો મુદ્દામાલ મૂળ માલિકોને સુપ્રત કરાયો

(પ્રતિનિધિ) આણંદ તા.૫

આણંદ પોલીસ દ્વારા છેતરપિંડી, વ્યાજખોરી અને અંધશ્રદ્ધાનો ભોગ બનેલા નાગરિકો માટે ત્વરિત કાર્યવાહી કરીને 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના વરદ હસ્તે ગાંધીનગર ખાતેથી ભોગ બનનાર અરજદારોને કરોડો રૂપિયાની કિંમતનો મુદ્દામાલ સન્માનપૂર્વક પરત સોંપવામાં આવ્યો હતો.

ગાંધીનગર ખાતે યોજાયેલા



તારાપુરના ધવલકુમાર પટેલ વ્યાજખોરના ત્રાસથી આત્મહત્યા કરવા જતા હતાં. પરંતુ પોલીસે તેમનું કાઉન્સિલિંગ કરી ૭ વીઘા ખેતીની જમીનનો અસલ ગીરો બાનાખત દસ્તાવેજ, રૂ. ૨ લાખનો ચેક અને ૭ કોરા ચેક પરત અપાવ્યા.



તારાપુરના રાકેશભાઈ પટેલની રજૂઆત પગલે પોલીસે વ્યાજવટાવમાં ગયેલા ઘર તથા હોટલના અસલ દસ્તાવેજો અને રૂ. ૨૮.૫૦ લાખના ૯ ચેકો મેળવી પરત સોંપ્યા.



તારાપુરના વિધવા પારૂલબેન પટેલના સદ્ગત પતિની ઉછીની આપેલી રકમમાંથી રૂ. ૧.૫૦ લાખ રોકડા તુરંત પરત અપાવી આર્થિક રાહત અપાવી.

કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે અરજદારોને રૂ. ૨૬ લાખની કિંમતનો એક ફ્લેટ, રૂ. ૩૭ લાખથી વધુની રોકડ રકમ તથા ચેક, ૭ વીઘા ખેતીની જમીન અને રહેણાંક-હોટલના અસલ દસ્તાવેજો તેમજ ૮ તોલા સોનું અને ૪૦૦ ગ્રામ ચાંદી સહિતનો મુદ્દામાલ પરત સોંપાયો હતો.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીશ્રીએ આણંદ પોલીસની સરાહનીય કામગીરીને બિરદાવતા જણાવ્યું હતું કે, ગૃહ વિભાગ અને ગુજરાત પોલીસ સામાન્ય નાગરિકોના જાન-માલની સુરક્ષા માટે સદા તત્પર છે. પોતાની કિંમતી મિલકતો અને નાણાં પરત મળતા અરજદારોએ રાજ્ય સરકાર અને આણંદ પોલીસનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

વિદ્યાનગરમાં ઈમ્પોર્ટ-એક્સપોર્ટના ધંધાના બહાને છેતરપિંડી કરી ફ્લેટ ખરીદી ફરાર થયેલા આરોપીને પેરોલ-ફર્લો સ્કોડના પોલીસ ઈન્સ્પેક્ટર જે.એન. પરમાર અને ટીમે શોધી કાઢી અરજદાર વિજયભાઈ ભરડાને ૨૬ લાખનો ફ્લેટ પરત અપાવ્યો હતો. તેવી જ રીતે વિદ્યાનગરના સ્વર્ગસ્થ પોલીસ ઈન્સ્પેક્ટરના પત્ની પારૂલબેન પંડ્યા પાસેથી હાથ ઉછીના લીધેલા નાણાં પરત ન આપનાર સામાવાળા પાસેથી પોલીસે ત્વરિત કાર્યવાહી કરી રૂ. ૪ લાખ રોકડા અને રૂ. ૩ લાખના ચેક પરત અપાવ્યાં હતાં. આ ઉપરાંત નારાયણબલી અને પિતૃદોષ વિધિના બહાને ગીતાબેન પાંડવ પાસેથી પડાવી લીધેલા ઘરેણાંમાંથી ૮ તોલા સોનું અને ૪૦૦ ગ્રામ ચાંદી તુરંત પરત અપાવ્યા તથા બાકીના દાગીના માટે નોટરી સમક્ષ બાંહેધરી લેવડાવી હતી.